



"આજના યુગમાં યુવાકીશોરો પોતાના સમયથી આગળ ચાલે છે. બૉલીવુડ, મીડિયા, ફેશન, તમામ પ્રકારની માહિતી માટે સુલભતા, ખર્ચ કરવા માટે વધુ પૈસા, ખરેખર આ બધાને કારણે કિશોરોના અંગત જીવન પર ભાર રૂપ છે. ભારતમાં લાયન્સ ક્વેસ્ટ જેવા કાર્યક્રમની અતિશય આવશ્યકતા છે. આજના કિશોરોને પ્રવચન કે સલાહ સાંભળવી પસંદ નથી આ કાર્યક્રમ એક એવું સાધન છે જે કિશોરોને તેમની પરિસ્થિતિ સંબંધિત જાણકારી અપાવે છે અને ઊચિત નિર્ણયો લેવામાં મદદરૂપ નીવડે છે. આ પ્રકારના અભ્યાસક્રમને વિવિધ શાળાઓમાં અપનાવવા જોઈએ જેથી સમાજનું કલ્યાણ થઈ શકે."

શ્રી મુનિરા બદાની, હેડ શિક્ષક
એક્ટીવીટી હાઈસ્કુલ, મુંબઈ



## અમલીકરણ

લાયન્સ ક્વેસ્ટ એ આજના બાળકો માટે વૈજ્ઞાનિક રીતે તૈયાર કરેલ પ્રોગ્રામ છે અને ફક્ત અમારા એ પ્રશિક્ષિત અને પ્રમાણિત ક્વેસ્ટ શિક્ષકો દ્વારા બાળકોને શીખવવામાં આવે છે, જે શિક્ષકોએ અમારા તાલીમ વર્કશોપમાં તાલીમ મેળવેલ છે.

તાલીમ વર્કશોપમાં બધા સહભાગી શિક્ષકોને તેમના પસંદ કરેલ પ્રોગ્રામ પ્રમાણે પુસ્તકોના સેટ પુરા પાડવામાં આવે છે. પુસ્તકોના સેટ નીચે પ્રમાણે છે.

### SFA – Skills for Adolescence

- શિક્ષક અભ્યાસક્રમ મેન્યુઅલ, વોલ્યુમ - ૧
- શિક્ષક અભ્યાસક્રમ મેન્યુઅલ, વોલ્યુમ-૨
- કાર્યશાળા માર્ગદર્શિકા
- શિક્ષકો માટે માર્ગદર્શિકા
- યુવા કિશોરોને સમર્થન
- પરિર્વન અને પડકારો - વિદ્યાર્થી માટે
- આશ્ચર્યજનક વર્ષો - માતાપિતા માટે

### SFG – Skills for Growing
(ફક્ત અંગ્રેજી ભાષામાં ઉપલબ્ધ છે.)

- Unit One : Building a school community
- Unit Two : Growing as a group
- Unit Three : Making Positive Decision
- Unit Four : Growing Up Drug Free
- Unit Five : Celebrating You and Me
- Service Learning - Setting Goal for Service
- Program Guide
- Drug Information Guide
- A Positive Climate
- The Family Connection
- Student Set – 5 colorful books.

શાળાના પર્યાવરણમાં SFA અથવા SFG અભ્યાસક્રમ પૂર્ણ કરવા માટે અમારા પ્રશિક્ષિત શિક્ષકો/સલાહકારને ૪૫ મિનિટના, ૪૦ ક્લાસનો સમય લાગે છે. દરેક વિદ્યાર્થીને પ્રોગ્રામના સંદર્ભ અને વર્ગખંડના કાર્ય માટે પુસ્તક મળે છે.

એકવાર બાળક સંપૂર્ણ અભ્યાસક્રમમાંથી પસાર થઈ જાય છે, પછી તે પરિવર્તન અને પડકારોનો સામનો કરવા તૈયાર થઈ જાય છે અને તે સફળ અને સુખી જીવન વ્યતીત કરે છે.


LIONS QUEST
લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલ ફાઉન્ડેશનનો એક કાર્યક્રમ

**Lions Quest in India Foundation**
B-94, Pariseema Complex, Nr. Lal Bungalow, C. G. Road, Ahmedabad - 380 006
Phone: 079 - 4037 1880
Email: lqifoffice@gmail.com • Web: www.lionsquestinindia.org


# લાયન્સ ક્વેસ્ટ

21મી સદી માટે સામાજિક અને ભાવનાત્મક શિક્ષણ

LIONS QUEST
લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલ ફાઉન્ડેશનનો એક કાર્યક્રમ

## શું?

## લાયન્સ ક્વેસ્ટ

- સ્કિલ્સ ફોર ગ્રોઈંગ (S.F.G.) મોંટેસરી થી ધોરણ ૫
- સ્કિલ્સ ફોર એડોલેસન્સ (S.F.A.) ધોરણ ૬ થી ધોરણ ૮
- શાળાની બહાર (S.F.A. For OST)



દુનિયાભરના લગભગ નેવું જેટલાં દેશોના શિક્ષાવિદ્ લાયન્સ ક્વેસ્ટ (સામાજિક અને ભાવનાત્મક શિક્ષણ કાર્યક્રમનો પ્રયોગ મોંટેસરી થી ધોરણ ૧ ૨ સુધી કરે છે.

સામાજિક અને ભાવનાત્મક શિક્ષણ બાળકોમાં ક્રોધ, નિરાશા અને નકારાત્મક વ્યવહાર દૂર કરવાનો એક સશક્ત આધાર પ્રસ્તુત કરે છે અને શાળામાં સકારાત્મક વ્યવહાર પ્રદર્શન વધારે છે તેમજ શૈક્ષણિક યોગ્યતા વિકસાવવા માટેનો પાયો પૂરો પાડે છે.

- સકારાત્મક વ્યવહાર
- શાળા સાથેનો સંબંધ
- ચારિત્ર્ય નિર્માણ શિક્ષણ
- માનવતાની સેવા
- નકારાત્મક વ્યવહાર પર અટકાયત
- માદક પદાર્થ, દારૂ અને તમાકુ પ્રતિ જાગરૂકતા

## સામાજિક અને ભાવનાત્મક શિક્ષણ

## તેથી શું?

પઠન, ગણિત અને સામાજિક અધ્યયનથી જ ફક્ત શાળા તથા જીવનમાં સફળતા નથી મળતી. લાયન્સ ક્વેસ્ટ અમલમાં અપનાવેલા શાળાઓમાં નીચેના ક્ષેત્રોમાં પ્રગતિ થઈ છે.



### શાળાકીય પરિવેશમાં સુધાર, વિદ્યાર્થી-શિક્ષકના સંબંધમાં મજબૂતી, પારસ્પરિક કૌશલ્યોનો વિકાસ અને માનવ સેવા પ્રતિ સમર્પણ ભાવ



**ઘટાડે છે**
- સમસ્યાત્મક વર્તન
- નકારાત્મક વર્તન-ડરાવવું ધમકાવવું
- શાળામાંથી નિષ્કાસન
- વિદ્યાર્થીમાં તણાવનો સ્તર
- સમાજમાંથી નિષ્કાસન

**વધારે છે**
- શાળામા હાજરી
- સકારાત્મક શાળાકીય પરિવેશ
- શૈક્ષણિક યોગ્યતા

| અમલીકરણ | પ્રારંભિક અસર | લાંબાગાળે અસર |
|---|---|---|
| પ્રભાવશાળી સામાજિક અને ભાવનાત્મક કૌશલ્ય<br>+<br>પ્રભાવશાળી શૈક્ષણિક પરિવેશ | વિચાર અને વ્યવહારમાં સુધાર<br>નકારાત્મક વ્યવહારમાં ઘટાડો<br>વિદ્યાર્થીઓ સહકાર અને ટીમ વર્ક શીખે છે.<br>શૈક્ષણિક અભ્યાસક્રમ સાથે સંકલન | ગ્રેડ અને અંકમાં સુધાર<br>સકારાત્મક શાળાકીય વાતાવરણ<br>જાગૃત નાગરિકતા<br>સ્વસ્થ જીવનશૈલી<br>સ્વસ્થ શ્રમ શક્તિની તૈયારી |

**લાયન્સ ક્વેસ્ટ કાર્યક્રમ દ્વારા, શાળાકાળ તથા જીવનમાં સફળતા**

## હવે શું?

આ કાર્યક્રમનો અમલ સફળતાપૂર્વક થાય તે માટે લાયન્સ ક્વેસ્ટ શાળાલક્ષી અનુરૂપતા પ્રદાન કરે છે. દરેક પાઠ સપ્તાહ દીઠ માત્ર ૪૦-૪૫ મિનિટની આવશ્યકતા હોય છે. ક્વેસ્ટની વ્યાવસાયિક વિકાસ કાર્યશાળાઓ સક્રિય, આકર્ષક, મનોરંજક અને અસરકારક હોય છે.

### લાયન્સ ક્વેસ્ટના અમલીકરણ માટેના વિકલ્પો:

- ૪૦-૪૫ મિનિટનો પાઠ દર અઠવાડિયે - બધાં વિદ્યાર્થીઓ માટે
- ગૃહકાર્ય / સલાહ પાઠ્યક્રમ
- સ્વંતત્ર પાઠ્યક્રમ
- શાળાની બહારના કાર્યક્રમ
- માદક પદાર્થ, દારૂ અને તમાકુ નિવારણ કાર્યક્રમ



## લાયન્સ ક્વેસ્ટ કાર્યશાળા

૨ દિવસીય શિક્ષણ તાલીમ શાળામાં શિક્ષકોને લાયન્સ ક્વેસ્ટ કાર્યક્રમોમાં વ્યાપક તૈયારી આપે છે.

- લાયન્સ ક્વેસ્ટના ટ્રેનરોમાં ઉચ્ચસ્તરીય વ્યાવસાયિક યોગ્યતા હોય છે.
- તમામ ટ્રેનરો શૈક્ષણિક અથવા સમકક્ષ ક્ષેત્રમાં ઉચ્ચ ઉપાધિ ધરાવે છે.
- લાયન્સ ક્વેસ્ટ કાર્યશાળા માપદંડ લગભગ ૯૫% સંતોષજનક હોય છે, જે અપ્રતીમ અનુભવ હોય છે.

Visit www.lionsquestinindia.org

## લાયન્સ ક્વેસ્ટ કાર્યક્રમ

### સ્કિલ્સ ફોર ગ્રોઈંગ - (SFG) (KG થી ધોરણ 5 સુધી)

લાયન્સ ક્વેસ્ટ સ્કિલસ ફોર ગ્રોઈંગ કાર્યક્રમ એ ધોરણ ૫ સુધીના બાળકો માટે એક અધિકૃત પ્રોગ્રામ છે. તે શિક્ષકોને શીખવવા માટે સલામત વાતવરણ ઉભું કરવામાં મદદ કરે છે. શાળા અને જીવનમાં સફળતા માટે આવશ્યક કૌશલ્ય શીખવાડે છે. વિસ્તૃત અભ્યાસક્રમ અને આનુષંગિક સામગ્રી શાળા કર્મચારીઓ, કુટુંબ, સમુદાયો અને બાળકોને નજીક લાવે છે. જે સામાજિક અને ભાવનાત્મક શિક્ષણ, ચરિત્ર નિર્માણ અને માદક પદાર્થ, ધમકાવવું, નિવારણ અને સેવા-શિક્ષણને સાંકળે છે.

### સ્કિલ્સ ફોર એડોલેસન્સ SFA (ધોરણ 6 થી 8)

લાયન્સ ક્વેસ્ટ સ્કિલ્સ ફોર એડોલેસન્સ એ માધ્યમિક ધોરણના બાળકો માટે જીવન કૌશલ્યના વિકાસ અને નિવારણ કાર્યક્રમ છે. આ કાર્યક્રમ બાળકોમાં ખૂબ મહત્વપૂર્ણ ક્ષમતાઓ અને સામાજિક ભાવનાત્મક કૌશલ્યો બનાવે છે. તે સામાજિક જવાબદારી, આદર અને તંદુરસ્ત દષ્ટિકોણના વિકાસમાં મદદ કરે છે. તે કિશોરોને સ્વસ્થ અને વ્યસનમુક્ત જીવન જીવવા પ્રેરણા આપે છે. અને હિંસા અને લડાઈથી દૂર કરે છે. આ ત્રણ વર્ષના કાર્યક્રમમાં અભ્યાસક્રમ ઈન્ટરેક્ટિવ ક્રિયાપદો, વિદ્યાર્થી કેન્દ્રિત પાઠ, એકમની પ્રવૃત્તિઓ અને ઉત્સાહનો ઉપયોગ કરીને આ કાર્યક્રમને અલગથી અથળા અભ્યાસક્રમમાં ઉમેરી નવ અઠવાડીયાથી ત્રણ વર્ષ સુધી ચલાવી શકાય છે.

### સ્કિલ્સ ફોર એડોલેસન્સ શાળાની બહારના સમય (SFA for OST)

સ્કિલ્સ ફોર એડોલેસન્સ શાળાની બહારના સમય (SFA for OST) માટે કાર્યક્રમ, લાયન્સ ક્વેસ્ટના માધ્યમિક શાળા અભ્યાસક્રમ માટે અત્યંત મહત્વપૂર્ણ કાર્યક્રમ છે. શાળઆના સમય બાદની જરૂરિયાતોને પહોંચી વળવા માટે રચાયેલ વિકાસ કાર્યક્રમ છે. લાયન્સ ક્વેસ્ટના ગતિશીલ પાઠ, અમલીકરણની ક્રિયાઓ તથા OST કાર્યક્રમના છ સામાન્ય ઘટકો યુવા કિશોરો પર સકારાત્મક પ્રભાવ પાડે છે. આ બધી હકીકતો સંશોધન પર આધારીત છે.